# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-01-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી મન કિ બાતની 118માં કડીમાં દેશ વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કર્યા હતા. શ્રી મોદીએ પ્રજાસત્તાક દિવસની આગોતરી શુભેચ્છાઓ પાઠવતા બંધારણ સભાના સભ્યોને યાદ કર્યા હતા. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબસાહેબ આંબેડકરનાં ભાષણના અંશો પણ સંભળાવ્યા હતા. તેમણે 25મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ અંગે પ્રકાશ પાડ્યો હતો. તેમણે નિષ્પક્ષ ચૂંટણી કરાવવા બદલ ચૂંટણી પંચની પ્રશંસા કરી હતી.

(બાઇટ- પીએમ,  ચૂંટણી અંગે)

શ્રી મોદીએ મહાકુંભને સમતા-સમરસતાનો અસાધારણ સંગમ ગણાવતા જણાવ્યું કે  કુંભમાં આ વખતે અનેક દિવ્ય યોગ બની રહ્યા છે. કુંભનો આ ઉત્સવ વિવિધતામાં એકતાનો ઉત્સવ બની રહ્યો છે.

(બાઇટ- પીએમ , મહાકુંભ)

તેમણે પશ્ચિમ બંગાળના  ગંગાસાગર મેળાનો પણ ઉલ્લેખ કર્યો હતો છે. 2025ની શરૂઆતમાં ભારતે અવકાશ ક્ષેત્રે અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરવા બદલ વૈજ્ઞાનિકોની પ્રશંસા  કરી હતી. તેમણે માનવી અને પશુ વચ્ચેની મિત્રતા અંગે વાત કરતાં જણાવ્યું કે આપણી સંસ્કૃતિ અને વારસો આપણને આસપાસના પશુપક્ષીઓ સાથે પ્રેમથી રહેવાનું શીખવે છે.

સ્ટાર્ટ-અપઇન્ડિયાના નવ વર્ષ પૂર્ણ થવા પર, પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશની સ્ટાર્ટ-અપ  સંસ્કૃતિ ફક્ત મોટા શહેરો સુધી મર્યાદિત નથી.

..2..

દેશમાં વિકસિત થઇ રહેલા સ્ટાર્ટઅપ કેન્દ્રો અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે નાગાલેન્ડમાં ગયા વર્ષે સ્ટાર્ટ-અપ્સની નોંધણીમાં 200 ટકાથી વધુનો વધારો થયો છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝના યોગદાનને યાદ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશ 23 જાન્યુઆરીએ નેતાજીની જન્મજયંતિ પર પરાક્રમ દિવસ તરીકે ઉજવશે. તેમણે કહ્યું કે  નેતાજીએ આઝાદ હિન્દ રેડીઓની સ્થાપના કરી હતી, જે લોકો માટે પ્રેરણા બની હતી.

. . . . . . . . . . . . .

# NIPER J P Nadda

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું છે કે, બલ્ક ડ્રગ્સ, મેડિકલ ડિવાઇસ અને વેક્સીન ક્ષેત્રમાં ભારતને અગ્રેસર બનાવવામા ગુજરાતનું યોગદાન અમૂલ્ય રહ્યું છે.

નેશનલ ઇંસ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (નાઇપર) ખાતે ફાર્મા ઇનોવેશન ફોર નેશન બિલ્ડિંગ કાર્યક્રમમાં શ્રી નડ્ડાએ જણાવ્યું કે દેશનાં પ્રતિભાશાળી કર્મચારીઓ પહેલા બહાર જતા હતા, પણ હવે તેમને ભારતમાં જ તક મળી રહી છે.

તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં બલ્ક ડ્રગ પાર્ક બનવા જઇ રહ્યું છે જેને કારણે રાજ્યનો ફાર્મા ઉદ્યોગ વિકાસની છલાંગ લગાવી શકશે. તેમણે જણાવ્યું કે, ફાર્મા ઉદ્યોગનાં વિકાસમાં આવતા અવરોધોને ટૂંક સમયમાં દૂર કરી લેવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગુજરાતના ફાર્માસ્યુટિકલ અને મેડિકલ ડિવાઈસ ઉદ્યોગનાં 50 થી વધુ સીઈઓ, સીએક્સઓ અને ઉપસ્થિત રહ્યાં હતા.

. . . . . . . . . . . . .

# DAMAN COAST GUARD

ભારતીય તટ રક્ષકના 49મા સ્થાપના દિવસ નિમિત્તે કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આજથી પહેલી ફેબ્રુઆરી સુધી અનેક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આજે નમોપથથી ફીટ ઇન્ડિયાના સંદેશ સાથે દોડનું આયોજન કરાયું હતું. 5 અને 10 કિલોમીટરની આ દોડમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ પ્રસંગે ભારતીય તટરક્ષકના કમાન્ડિંગ ઓફિસર સુધાંશુ બાજપેયીએ જણાવ્યું કે..

**(બાઈટ: સુધાંશુ બાજપેયી ( કમાન્ડિંગ ઓફિસર )**

. . . . . . . . . . . .

# AHM KHYATI ACCUSED REMAND

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ ગેરરીતિ મામલાનો મુખ્ય આરોપી અને ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલને આજે અમદાવાદ ગ્રામ્ય અદાલતમાં રજૂ કરાયો હતો. અદાલતે તેના 28 જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. દરમિયાન અદાલતમાં ખાસ સરકારી વકીલ વિજય બારોટ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે મુખ્ય આરોપી કાર્તિક પટેલના 14 દિવસના રિમાન્ડની માગ કરાઇ હતી જેની સામે અદાલતે 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

. . . . . . . . . . . . . .

# Dharma Shala Accident

ધર્મશાલામાં ટેન્ડમ પેરાગ્લાઈડિંગ ફ્લાઇટ દરમિયાન અમદાવાદની એક યુવતીનું મૃત્યુ થયું છે. પેરાગ્લાઈડર ઉડાન ભર્યા પછી તરત જ ઊંડી ખીણમાં પડતાં આ અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં પેરાગ્લાઇડરના પાઇલટને પણ ઇજા થતાં ધર્મશાળા ઝોનલ હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે.

અમદાવાદના નારણપુરાની યુવતીએ ઈન્દ્રુનાગ સાઇટ પરથી ટેક ઓફ થયા પછી પેરાગ્લાઈડર ક્રેશ થયું હતું. મહિલા પ્રવાસી અને પાયલોટને ધર્મશાળાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. પરંતુ ડોક્ટરોએ યુવતીને મૃત જાહેર કરી હતી. યુવતી તેના પરિવાર સાથે ધર્મશાળાની મુલાકાત લેવા આવી હતી. કાંગડાના પોલીસ અધિક્ષક શાલિની અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે, આ સંદર્ભે ધર્મશાળા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે, આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. ત્યારબાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# Protein Powder Rajkot

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરીયાએ આજે લોધિકા તાલુકાના ખાંભા ગામ ખાતેથી કૂપોષિત બાળકોને દૂધ તથા પ્રોટીન પાવડર આપવાના પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો. લોધિકા તાલુકામાં સફળતા મળ્યા બાદ આ પ્રોજેક્ટને સમગ્ર જિલ્લામાં લાગુ કરવામાં આવશે.

'સુપોષિત ગુજરાત, સુપોષિત ભારત' અંતર્ગત રાજકોટ જિલ્લા પંચાયતની આઈ.સી. ડી.એસ. શાખા દ્વારા જિલ્લામાં કુપોષણ નાબુદીની નવી પહેલ હેઠળ બાળકોને ૯૦ દિવસ સુધી દૂધ-પ્રોટીન પાવડર આપવાનો પાયલોટ પ્રોજેક્ટ લોધિકા તાલુકાથી શરૂ કરાયો છે.

ખાંભા ગામના આંગણવાડી કેન્દ્ર ખાતે આ પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરાવતા મંત્રી શ્રીમતી ભાનુબહેને જણાવ્યું હતું કે, લોધિકા તાલુકાના ૮૮૬ બાળકોને રાજકોટ દૂધ ઉત્પાદક સંઘ તરફથી ત્રણ માસ માટે દૂધના પાઉચ તેમજ રોટરી ક્લબ ઑફ રાજકોટ પ્રાઇમ દ્વારા પ્રોટીન પાવડરના ડબ્બા આપવામાં આવશે. સતત ૯૦ દિવસ સુધી દૂધ-પ્રોટીન પાવડર આરોગ્યા બાદ બાળકો સુપોષિત બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . .